કિંમત રૂા. ૨૦૦/–

# સુરત મહાનગરપાલિકા
# સેન્ટ્રલ ઝોન

**કવોટેશન નોટીસ નં.ડી.એમ.સી./સી.ઝેડ./૧૦/૨૦૨૪–૨૦૨૫**

## માહિતીપુસ્તિકા

**કવોટેશન મેળવવાની શરૂઆતની તા : ૨૧/૧૧/૨૦૨૪**

**કવોટેશન મેળવવાની અંતિમની તા : ૨૯/૧૧/૨૦૨૪**

**કવોટેશન સ્વીકારવાની અંતિમ તા : ૦૭/૧૧/૨૦૨૪**

**કવોટેશન ખરીદનાર: ........................................................**

**કવોટેશન લઈ જનાર : ........................................................**

**સરનામું : ........................................................**

**........................................................**

**........................................................**

**ફોન/મોબાઈલ નંબર : ........................................................**

**રસીદ નં/તારીખ : ........................................................**

## <u>શરતો :–</u>

૧. ભાવપત્રકમાં દર્શાવેલ રકમ સિવાયનું વધારાની રકમનું ચુકવણું સુરત મહાનગરપાલિકા દ્વારા કરવામાં આવશે નહી.

૨. રેન બસેરા/શેલ્ટર હોમના સ્થળે તમામ દાદર/લોબી/ફલોરીંગ પર દિવસમાં બે વખત, કોમન પેસેજ, ઝાડુ તથા ફિનાઈલનું પોતુ મારવાનું રહેશે. તેમજ મકાનની અંદર આવેલા તમામ લાઈટ પંખા માર્જીનવાળા ખુલ્લા ભાગની અઠવાડીયામાં એક વખત સાફ–સફાઈ કરાવવાની રહેશે.

૩. રેનબસેરા / શેલ્ટર આવેલ ટોયલેટ / બાથરૂમ દિવસમાં બે વખત એસીડ તથા ફીનાઈલ થી સફાઈ કરવાની રહેશે, તેમજ જરૂરીયાત મુજબ દુર્ગંધનાશક ટીકડી (ઓડોનીલ જેલી અથવા સમકક્ષ) મુકવાની રહેશે, જરૂરીયાત પ્રમાણેની ડામરની ગોળી મુકવાની રહેશે. તથા બિલ્ડીંગમાં આવેલ તમામ ચોકડીઓ દિવસમાં એકવાર એસીડ/ ફીનાઈલ થી સફાઈ કરવાની રહેશે.

૪. રેનબસેરા / શેલ્ટરની ઉપર આવેલ સમગ્ર ટેરેસના ભાગની સફાઈ કરવાની રહેશે તેમજ છત દિવાલો ઉપરની ધૂળ જાળાની સફાઈ, બંધ કચેરીઓના બારી–બારણા, રેલીંગ, કઠેળાની સફાઈ કરવાની રહેશે. તમામ ફલોરીંગની ધોલાઈ કલીનીંગ એજન્ટ સાથે કરાવવાની રહેશે તથા રેન બસેરા / શેલ્ટર ખાતે મુકવામાં આવેલ તમામ ડસ્ટબીનની કલીનીંગ એજન્ટ થી અઠવાડીક સફાઈ કરવાની રહેશે.

૫. બિલ્ડીંગમાં આવેલ ચોકડી તથા ડ્રેનેજ લાઈનનું ચોકીંગ દુર કરવાની કામગીરી પણ કરવાની રહેશે.

૬. (અ) રેનબસેરા / શેલ્ટર બિલ્ડીંગ તથા અન્ય સંલગ્નબિલ્ડીંગમાં આવેલ વોટર કુલર અઠવાડીયામાં એક વખત પાણી ખાલી કરાવી સફાઈ કરાવવાની રહેશે.

(બ) દરરોજ નાઈટ શેલ્ટરની આજુબાજુના અથવા સુચના મળ્યા મુજબના વિસ્તારમાં રેશ્કયુ કરી સંસ્થાના વાહનમાં ઘર વિહોણા લોકોને નાઈટ શેલ્ટરમાં લાવવાના રહેશે.

(ક) નાઈટ શેલ્ટરમાં ઘર વિહોણા લોકોના વપરાશમાં લીધેલા ચાદર, ઓશીકાના કવર, પાથરણા વિગેરે અઠવાડીયામાં બે વાર ધોવાના રહેશે. તથા આ અંગેનું રજીસ્ટર અલગ થી નિભાવવાનું રહેશે.

૭. સંસ્થાએ આ કામગીરી માટે સલામતી / સાવચેતીના તમામ પગલા લેવાના રહેશે. અને તે માટે જરૂરી તમામ સાધનો રાખવાના રહેશે. સંસ્થા તરફથી રોકવામાં આવેલ કર્મચારીઓને કામગીરી વખતે કોઈપણ ઈજા કે અકસ્માત થાય તો તેની કોઈપણ પ્રકારની જવાબદારી સુરત મહાનગરપાલિકાની રહેશે નહિ. તેમજ સુરત મહાનગરપાલિકા કોઈપણ પ્રકારની ઈન્સ્યુરન્સ કે મેડીકલ ફેસીલીટી આપશે નહિ. જરૂરી તમામ સવલતો સંસ્થાએ પુરી પાડવાની રહેશે.

૮. સાફ–સફાઈ માટેના જરૂરી ઝાડું, ડસ્ટર, બ્રશ, મોપ, પોતા વિગેરે સારી ગુણવત્તાવાળા / સુચવે તે મુજબ એજન્ટ જેવા કે પાવડર, બ્લીચીંગ પાવડર, ફીનાઈલ, ડામરની ગોળી તથા અધિકારીશ્રી સૂચવે તે ઈજારદારે પોતાના ખર્ચે લાવવાના રહેશે તેમજ પુરતો સ્ટોક રાખવાના રહેશે.

૯. જો કોઈ સમયે રેનબસેરા/શેલ્ટર હોમની ટાંકીમાં પાણી પુરૂ થઈ ગયેલ હોય, અથવા તો ઈલેકટ્રીક સપ્લાય ચાલુ ન હોય તો તેવા સમયે ઈજારદારે બહાર થી પાણી લાવી સંડાસ/બાથરૂમ સાફ કરવાના રહેશે.

૧૦. સોંપવામાં આવનાર સંચાલનનો સમયગાળો ૦૧(એક) વર્ષ નો રહેશે. (જો કામગીરી સંતોષકારક જણાય તો વધુ એક (૧) વર્ષ સુધી આજ ભાવે અને શરતોએ લંબાવવામાં આવશે.)

૧૧. સંસ્થાને ચુકવવામાં આવતી ઉપરોકત રકમમાં જીએસટી સીવાયના અન્ય તમામ ટેક્ષનો સમાવેશ થયેલ ગણાશે તથા તે રકમમાંથી જીએસટી સીવાયના તમામ ટેક્ષનિયત ટેકસ કપાત કરવામાં આવશે.

૧૨. સંસ્થાની કામગીરી અને સંચાલન સંતોષકારક નહી જણાય તો સંસ્થાને કોઈપણ જાતની જાણ કે નોટીસ આપ્યા વિના સુરત મહાનગરપાલિકા કરાર રદ કરી શેલ્ટરનો કબ્જો પરત સંભાળી લઈ શકશે આ અંગે સુરત મહાનગરપાલિકાની સક્ષમ સત્તાનો નિર્ણય આખરી ગણાશે.

૧૩. સંસ્થા કરાર પુરો થયા પહેલા કામગીરી છોડવા માંગે તો ૦૩ મહિનાની લેખીત નોટીસ આપી કામગીરી છોડી શકશે પરંતુ આ બાબતે આખરી નિર્ણય સુરત મહાનગરપાલિકાનો રહેશે.

૧૪. સંચાલક સંસ્થાએ રેનબસેરા / શેલ્ટર ૨૪ × ૭ ચાલુ રાખવાના રહેશે.

૧૫. શેલ્ટરમાં દરેક કોમ / જ્ઞાતિ / ધર્મના લોકોને કોઈપણ જાતના ભેદભાવ વિના ઉપયોગ કરવા દેવાનો રહેશે.

૧૬. સંચાલક સંસ્થાએ શેલ્ટર ખાતે પ્રાથમિક સારવારની કીટ ઉપલબ્ધ રાખવાની રહેશે. તેમજ સમયાંતરે કીટની દવાઓ તેમજ અન્ય જરૂરી વસ્તુઓની એકસપાયર્ડ થાય તેમ બદલવાની રહેશે. પ્રાથમિક સારવાર તાલીમ/ લાયકાત ધરાવતા વ્યકિત દ્વારા જ કરવાની રહેશે.

૧૭. શેલ્ટરમાં કોઈપણ પ્રકારના ચેપી રોગ/દેખીતી રીતે કોઈપણ જાતના ઈન્ફેકશન વાળી તેમજ માંદી વ્યકિતની વિશેષ કાળજી રાખવાની રહેશે.

૧૮. શેલ્ટરમાં રહેતા કોઈપણ લાભાર્થી સંસ્થામાં કોઈપણ રીતે ઘાયલ થાય, બીમાર થાય તેઓને આરોગ્ય કેન્દ્ર સરકારી હોસ્પિટલ કે અન્ય સ્થળે સારવાર કરાવવાની રહેશે.

૧૯. શેલ્ટરમાં રહેતા કોઈપણ લાભાર્થીનું મરણ થાય તો સંસ્થાએ તેના કુટુંબીજનોને જાણ કરવાની રહેશે. અનાથના કિસ્સામાં જરૂરી કાયદેસરની કાર્યવાહી કરી અંતિમ ક્રિયા સંસ્થાએ કરવાની રહેશે.

૨૦. કાયદાથી પ્રતિબંધિત કોઈપણ ખાણી–પીણી, સાહિત્ય વિગેરે શેલ્ટરમાં રાખી શકશે નહિ. આ બાબતે ઉભી થતી તમામ જવાબદારી સંચાલકની રહેશે. આવા સંજોગોમાં જરૂરી કાયદેસરની કાર્યવાહી કરવાની રહેશે.

૨૧. શેલ્ટરમાં સુરત મહાનગરપાલિકાના કમિશ્નરશ્રી કે તેમના અધિકૃત કરેલ કોઈ અધિકારી કે કર્મચારી તથા આશ્રય સ્થાન સંચાલન સમિતિકાર્યવાહી/વ્યવસ્થા સંબંધે નિરીક્ષણ કરી શકશે અને સલાહ સુચન આપી શકશે. જેનો સંસ્થાએ અમલ કરવાનો રહેશે.

૨૨. સરકારશ્રી તથા નામ.હાઈકોર્ટ/સુપ્રિમકોર્ટ તરફથી મળતા વખતો–વખતના આદેશ અનુસાર સંચાલન અંગે સંસ્થાને જરૂરી આદેશ મહાનગરપાલિકા દ્વારા કરવામાં આવશે. જે અનુસાર સંસ્થાએ કામગીરી કરવાની રહેશે.

૨૩. સરકારશ્રી / સુરત મહાનગરપાલિકા તરફથી મળતા વખતો–વખત આદેશ મુજબ કમિશ્નરશ્રી મહાનગરપાલિકા દ્વારા જયારે ફી નું ધોરણ નકકી કરી અત્રેથી જણાવવામાં આવે ત્યારે તે મુજબની ફી વસુલાત કરી તે માટેના સુરત મહાનગરપાલિકાના એકાઉન્ટ ખાતે જમા કરાવવાની રહેશે.

૨૪. ફી નું ધોરણ નકકી થયે તે યોજનાની માર્ગદર્શિકા મુજબ જે લાભાર્થી ફી ભરવા સમક્ષ નથી/મહિલા ૧૮ વર્ષથી નીચેના બાળકો, વૃધ્ધ તથા વિકલાંગ વ્યકિતને વિનામુલ્યે શેલ્ટરમાં આશ્રય આપવાનો રહેશે.

૨૫. ફી લેવાનું નકકી થયે શેલ્ટરમાં દરેકને દેખાય તે રીતે નિયત કરેલ ફી અંગેના બોર્ડ લગાવવાના રહેશે.

૨૬. શેલ્ટર ખાતે સંચાલક સંસ્થાએ રાત્રે ૦૮.૦૦ કલાક થી સવારના ૦૮.૦૦ કલાક સુધી કેરટેકર રાખવાના રહેશે.

૨૭. શેલ્ટર ખાતે સ્ત્રી/પુરુષ લાભાર્થીઓની સખ્યા ધ્યાને લઈ કેરટેકર તરીકે મહિલા કર્મચારી રાખવાના રહેશે.

૨૮. શેલ્ટર ખાતે સંચાલક દ્વારા નીમવામાં આવેલ કર્મચારીની વિગત ઓળખ, શૈક્ષણિક લાયકાત તથા જરૂરી અન્ય પુરાવા સાથેની વિગત ઝોનને નિયત નમુનામાં પુરી પાડવાની રહેશે. જયારે કોઈપણ નિમણૂંક રદ થાય અથવા નવી નિમણૂંક થાય તેની સમયસર લેખિત જાણ ઝોનને કરવાની રહેશે. (કર્મચારીનો ફોટો, ઓળખનો પુરાવાની નકલ આપવાની રહેશે.)

૨૯. કર્મચારીઓને સંચાલન કરનાર સંસ્થાએ ઓળખકાર્ડ આપવાના રહેશે જે કર્મચારી ફરજ ઉપર હોય તેમને ફરજીયાત ઓળખકાર્ડ પહેરવાના રહેશે.

૩૦. કર્મચારીઓને યોજનાના સુચારૂ અમલીકરણ માટે સમયાંતરે જરૂરી તાલીમ સંસ્થાએ પુરી પાડવાની રહેશે.

૩૧. શેલ્ટરમાં રોકાનાર વ્યકિતનીમાહિતીનું રજીસ્ટર મેઈનટેન કરવાનું રહેશે. તેમાં દરેક રોકાનાર વ્યકિતનું પુરૂનામ / સરનામું / ઉંમર / શેલ્ટરમાં આવવા–જવાનો(check in-check out) સમય જેવી તમામ જરૂરી વિગતો રાખવાની રહેશે.

૩૨. સંચાલક સંસ્થાએ દરેક શેલ્ટર ખાતે નીચે મુજબના રજીસ્ટરો નિભાવવાના રહેશે.

(૧) લાભાર્થી એટેન્ડન્સ રજીસ્ટર

(૨) પગાર ચુકવણીની વિગતોવાળુ કર્મચારીવર્ગ રજીસ્ટર

(૩) ફરિયાદઅને સુચન રજીસ્ટર

(૪) મુલાકાતી રજીસ્ટર

(૫) લાભાર્થીના ફોટો તેમજ આધારકાર્ડ, ઈલેકશનકાર્ડ વિગેરે ફોટો આઈ.ડી. સાથેની પ્રોફાઈલ રજીસ્ટર

(૬) સુરત મહાનગરપાલીકા સુચવે તે અન્ય રજીસ્ટર

૩૩. શેલ્ટરમાં ફરીયાદ રજીસ્ટર ઉપરાંત સુચન/ફરીયાદ પેટી રાખવાની રહેશે.

૩૪. પાણી, સફાઈ, ગાદલા વગેરે બાબતની ફરિયાદ તાકીદે નિકાલ કરવો. અન્ય ફરિયાદનોનિકાલ ૧૫ દિવસ સુધીમાં કરવો.

૩૫. દર ૧૫ દિવસે શેલ્ટરની મુલાકાત સંસ્થાના પ્રમુખશ્રી / મંત્રીશ્રી દ્વારા કરવાની રહેશે. જે અંગેનો રીપોર્ટ સુરત મહાનગરપાલિકા, સેન્ટ્રલ ઝોનને રજુ કરવાનો રહેશે.

૩૬. શેલ્ટરની બિલ્ડીંગ ઉપર સંસ્થા કોઈપણ પ્રકારની જાહેરાત કરી શકશે નહિ આ અંગેના તમામ હકકો સુરત મહાનગરપાલિકાના રહેશે.

૩૭. સુરત મહાનગરપાલિકા દ્વારા જે મુજબનું બિલ્ડીંગ/સ્ટ્રકચર તથા ઉપકરણો સહિતનો કબજો સોંપવામાં આવશે. તેમાં કોઈપણ પ્રકારનો ફેરફાર મહાનગરપાલિકાની લેખિત પૂર્વ મંજુરી સિવાય સંસ્થા કરી શકશે નહિ.

૩૮. શેલ્ટરના બિલ્ડીંગનું કલરકામ તથા પરચુરણ મેશનરી વર્ક સંસ્થાની માંગણી મુજબ મહાનગરપાલિકાને જરૂરી લાગે તે પ્રમાણે કરી આપવામાં આવશે.

૩૯. શેલ્ટરમાં કોઈપણ પ્રકારની ગેરકાયદેસર પ્રવૃત્તિઓ ન થાય તે અંગેની તકેદારી સંસ્થાએ લેવાની રહેશે.કોઈ ફોજદારી બાબત ઉભી થાય તો સંચાલન કરનાર સંસ્થાએ કાયદેસરની કાર્યવાહી કરવાની રહેશે.

૪૦. સંચાલક સંસ્થા દ્વારા બિલ્ડીંગ કે કોઈ ઉપકરણોને નુકશાન પહોંચાડવામાં આવેલ હોય તો તે મુજબની નુકશાનીની રકમ સંસ્થાએ સુરત મહાનગરપાલિકાને ભરપાઈ કરી આપવાની રહેશે. જો સંસ્થા દ્વારા આ રકમ ભરપાઈ નહી કરવામાં આવે તો આ રકમ બીલમાંથી વસુલ લેવામાં આવશે.

## સેન્ટ્રલ ઝોનવિસ્તારમાં આવેલ રેન બસેરાની માહીતી

| | સ્થળ | સરનામું |
|---|---|---|
| (૧) | કાંસકીવાડ | રોયલ બેકરીની સામે, કાંસકીવાડ , સુરત |
| (૨) | દિલ્હીગેટ | દિલ્હીગેટ પાસે, પેટોલપંપની બાજુમાં , સુરત |
| (૩) | મિલેનીયમ માર્કેટ | ડો.બાબસાહેબ આંબેડકર ફલાય ઓવર બ્રીજની નીચે, મીલેનીયમ માર્કેટ પાસે, સુરત |
| (૪) | મચ્છી માર્કેટ | મચ્છી માર્કેટ,સલાબતપુરા, સુરત |
| (૫) | સુરત ટોકીઝ | સુરજ ટોકીઝની પાસે,સુરત |

**દંડ :**

(૧) શેલ્ટરની સાફ–સફાઈમાં બેદરકારીના કિસ્સામાં સફાઈ ન થવાના કિસ્સા જોવા મળશે તો તેટલા દિવસનીદિવસ દીઠ રૂા.૧૦૦/– દંડ પેટે કપાત કરવામાં આવશે. સાફ સફાઈમાં સતત ૦૩ વારથી વધુ વખત કચાસ જોવા મળશે તો દિવસ દીઠ રૂા.૧૫૦/–લેખે દંડ પેટે વસુલત કરવામાં આવશે. આમ છતાં વારંવારની સાફ–સફાઈ પ્રત્યેની ઉદાસીનતા ના કિસ્સામાં સંસ્થાનો કરાર રદ સુધીની કાર્યવાહી કરવામાં આવશે.

(૨) રેકોર્ડ (રજીસ્ટરર્સ) નિભાવણીમાં જો બે કાળજીના સંજોગો જણાશે તો પ્રથમ વખત રૂા.૧૦૦/–દંડ પેટે કાપવામાં આવશે. અને ત્યારબાદ તે જ માસમાં બે કાળજીના કિસ્સામાં પ્રતિદિન ૧૫૦/– લેખે દંડ વસુલાત કરવામાં આવશે અને એક માસમાં ૦૩ થી વધુ બે કાળજી જોવા મળશે તો સંસ્થાનો કરાર રદ કરવા સુધીની કાર્યવાહી કરવામાં આવશે.

(૩) શેલ્ટર સંચાલન સંબંધી અન્ય શરતોના ભંગના કેસમાં શેલ્ટર મેનેજમેન્ટ કમિટી/ઝોનના જવાબદાર અધિકારી જે નિર્ણય કરે તે સંચાલક સંસ્થાને બંધનકર્તા રહેશે.

(૪) નિયત સમયે શેલ્ટર ખાતે કેરટેકરની ગેરહાજરીના કિસ્સામાં પ્રતિદિનના રૂા.૨૦૦/– દંડ પેટે કપાત કરવામાં આવશે. કેરટેકર ૩ વાર થી વધુ ગેરહાજર જોવા મળશે તો દિવસ દિઠ રૂા.૩૦૦/– દંડ પેટે વસુલાત કરવામાં આવશે છતાં વારંવાર કેરટેકર ગેરહાજર જોવા મળશે તો તેવા કિસ્સામાં સંસ્થાનો કરાર રદ કરવા સુધીની કાર્યવાહી કરવામાં આવશે.

(૫) ઉપરોકત કિસ્સા સિવાય અન્ય કોઈ કિસ્સામાં સેવામાં ખામી જણાય તો પ્રતિદિન રૂા.૨૦૦/– દંડ પેટે વસુલ કરવામાં આવશે.

૪૧. શારિરીક રીતે સશકત અને સક્ષમ હોય તેવા જ કર્મચારીઓને કામે રાખવાના રહેશે. કોઈપણ સંજોગોમાં બાળ કામદારો રાખી શકાશે નહી.

૪૨. કામની સોંપણી કરવામાં આવ્યા બાદ દરેક માસના અંતે પોતાના બીલની સાથે નીચે દર્શાવવામાં આવેલ તથા જરૂરીયાત મુજબના તુમારો પણ અચુક રજુ કરવાના રહેશે(જે લાગુ પડતુ હોય તે). તેમ કરવામાં નિષ્ફળ ગયે થી બિલની ચુકવણી સ્થગિત થવાને પાત્ર રહેશે.

અ. કામદારોને પગાર ચુકવણી કર્યા અંગેના આધારની નકલ.

૪૩. સંસ્થાએ લાગત તમામ નિયમો/કાયદાઓનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે. સંસ્થાની ચુકના કારણેકાયદાના ભંગ બદલ જે કંઈ જવાબદારી ઉભી થાય તે સંસ્થાની રહેશે. અને તેવા સંજોગોમાં સુરત મહાનગરપાલિકાની કોઈ જવાબદારી ઉભી થાય તો તે સંસ્થા પાસેથી વસુલ કરવામાં આવશે.

૪૪. રેન બસેરામાં આવેલ ટોયલેટ અને બાથરૂમની વ્યવસ્થિત સાફસફાઈ સંસ્થાએ પોતાના સ્વ ખર્ચે કરવાનું રહેશે.

૪૫. સંસ્થાની બેદરકારીથી રેન બસેરામાં કોઈ નુકસાન થાય તો તે પોતાના સ્વ ખર્ચે કરવાનું રહેશે.

૪૬. રેન બસેરાની ચાલુ કામગીરી અન્વયે સદર વર્કઓર્ડર તારીખ થી દિન–૧૦ માં રૂા.૩૦૦/– ના ૩(ત્રણ) સ્ટેમ્પ પેપર (એગ્રીમેન્ટ, સ્યોરીટી તથા અંડરટેકીંગ) અત્રેના વિભાગમાં જમા કરાવવાના રહેશે.

૪૭. આ કામગીરી સંસ્થાએ જાતે કામગીરી કરવાની રહેશે, અન્ય સંસ્થાને પેટા કોન્ટ્રાક્ટ આપી શકાશે નહિ કે કોન્ટ્રાક્ટ ટ્રાન્સફર કરી શકશે નહી.

૪૮. શેલ્ટરમાં તેમજ પ્રિમાયસીસમાં કોઈ ગેરકાયદે પ્રવૃત્તિ, ચોરી, લુંટ, ધાકધમકી જેવા સંજોગોમાં સંચાલક સંસ્થાએ કાયદેસર ફરિયાદ/પોલીસ કેસ કરવાની રહેશે.

૪૯. સંસ્થા ધ્વારાલાભાર્થીઓ તેમજ સબંધિતઅન્ય પક્ષકારોની માહિતી કોઈપણ માધ્યમમાં પ્રસિદ્ધ કરવી નહિ છતાં લાભાર્થીઓને સાંકળી તેઓનાલાભાર્થે સંસ્થા ધ્વારા કોઈ કાર્યક્રમનું આયોજન કરવામાં આવે તે સંજોગોમાં સુરત મહાનગરપાલિકાની અગાઉથી મંજુરી મેળવી જે –તે કાર્યક્રમની પ્રસિદ્ધિકરી શકાશે.

૫૦. શેલ્ટર ખાતે યોજાતા પ્રસંગો/કાર્યક્રમો તેમજ લાભાર્થીઓ સંદર્ભેના ફોટોગ્રાફસ/વિડીયો/અન્ય માહિતી વગેરે સુરત મહાનગરપાલિકાનીમંજુરી વગર કોઈપણમાધ્યમથી પ્રસિદ્ધ કરવા નહીં.

**આસી.કમિશ્નર**
**સેન્ટ્રલ ઝોન**
**સુરત મહાનગરપાલિકા**

**ઉપરોકત તમામ શરતો મે વાંચી છે અને તે મને કબુલ મંજુર અને બંધનકર્તા છે.**

**તા. / /૨૦૨૪**

__________________________

**ઈજારદારની સહી**

**ઓફર લેટર**

**પ્રતિ,**
**મ્યુની.કમિશ્નરશ્રી,**
**સુરત મહાનગરપાલિકા,**
**સુરત.**

**વિષયઃ–મ્યુની. સેન્ટ્રલ ઝોનમાં આવેલકાંસકીવાડ રોયલ બેકરીની સામે, કાંસકીવાડ , સુરત ખાતે આવેલ રેનબસેરાનો ઈજારો મેળવવા બાબત.**

**મે. સાહેબ**

સવિનય ઉપરોકત વિષયઅન્વયે જણાવવાનું કે, સુરત મહાનગરપાલિકા ના સેન્ટ્રલ ઝોનવિસ્તારમાં કાંસકીવાડ રોયલ બેકરીની સામે, કાંસકીવાડ , સુરત ખાતે આવેલ રેન બસેરા ની કામગીરી કરવા આ સાથે સામેલ ફોર્મમાં જણાવેલ શરતોને આધીન ચલાવવા હું સંમત છું.

વધુમાં, આ **રેન બસેરા** ચલાવવા માટે માસિક ભાડાની મારી મહત્તમ ઓફર રૂા. ________________

(અંકે રૂપિયા ________________________________________ પુરા )+ ૧૮% જી.એસ.ટી. ની છે. જે ધ્યાને લેવા વિનંતી.

આ અગાઉ નીચે જણાવેલ સંસ્થા / કચેરીમાં રેન બસેરા ચલાવવાનો ઈજારો મે મેળવેલ જે અંગેના પ્રમાણપત્ર સામેલ છે.

| **અ.નં.** | **સંસ્થાનું નામ** | **સરનામું** |
|---|---|---|
| ૧– | | |
| ૨– | | |
| ૩– | | |

**તા.   /   /૨૦૨૪**

**સુરત.**

____________________________

**ઓફરરની સહી તથા સિકકો**

**નામ :–**

**સરનામું :–**

**ઓફર લેટર**

**પ્રતિ,**
**મ્યુની.કમિશનરશ્રી,**
**સુરત મહાનગરપાલિકા,**
**સુરત.**

**વિષયઃ–મ્યુની. સેન્ટ્રલ ઝોનમાં દિલ્હીગેટ પાસે, પેટોલપંપની બાજુમાં , સુરત આવેલ રેનબસેરાનો ઈજારો મેળવવા બાબત.**

**મે. સાહેબ**

સવિનય ઉપરોકત વિષયઅન્વયે જણાવવાનું કે, સુરત મહાનગરપાલિકા ના સેન્ટ્રલ ઝોનવિસ્તારમાં દિલ્હીગેટ પાસે, પેટોલપંપની બાજુમાં , સુરત ખાતે આવેલ રેન બસેરા ની કામગીરી કરવા આ સાથે સામેલ ફોર્મમાં જણાવેલ શરતોને આધીન ચલાવવા હું સંમત છું.

વધુમાં, આ **રેન બસેરા** ચલાવવા માટે માસિક ભાડાની મારી મહત્તમ ઓફર રૂા. ________________

(અંકે રૂપિયા ________________________________________ પુરા )+ ૧૮% જી.એસ.ટી. ની છે. જે ધ્યાને લેવા વિનંતી.

આ અગાઉ નીચે જણાવેલ સંસ્થા / કચેરીમાં રેન બસેરા ચલાવવાનો ઈજારો મે મેળવેલ જે અંગેના પ્રમાણપત્ર સામેલ છે.

| **અ.નં.** | **સંસ્થાનું નામ** | **સરનામું** |
|---|---|---|
| ૧– | | |
| ૨– | | |
| ૩– | | |

**તા. / /૨૦૨૪**

**સુરત.**

____________________________

**ઓફરરની સહી તથા સિકકો**

**નામ :–**

**સરનામું :–**

(૩)

**ઓફર લેટર**

**પ્રતિ,**
**મ્યુની.કમિશ્નરશ્રી,**
**સુરત મહાનગરપાલિકા,**
**સુરત.**

**વિષયઃ–મ્યુની. સેન્ટ્રલ ઝોનમાં મિલેનીયમ માર્કેટ ડો.બાબસાહેબ આંબેડકર ફલાય ઓવર બ્રીજની નીચે, મીલેનીયમ માર્કેટ પાસે, સુરત ખાતે આવેલ રેનબસેરાનો ઈજારો મેળવવા બાબત.**

**મે. સાહેબ**

સવિનય ઉપરોકત વિષયઅન્વયે જણાવવાનું કે, સુરત મહાનગરપાલિકા ના સેન્ટ્રલ ઝોનવિસ્તારમાં મિલેનીયમ માર્કેટ ડો.બાબસાહેબ આંબેડકર ફલાય ઓવર બ્રીજની નીચે, મીલેનીયમ માર્કેટ પાસે, સુરત ખાતઆવેલરેન બસેરા ની કામગીરી કરવા આ સાથે સામેલ ફોર્મમાં જણાવેલ શરતોને આધીન ચલાવવા હું સંમત છું.

વધુમાં, આ **રેન બસેરા** ચલાવવા માટે માસિક ભાડાની મારી મહત્તમ ઓફર રૂા. ________________

(અંકે રૂપિયા ________________________________________ પુરા )+ ૧૮% જી.એસ.ટી. ની છે. જે ધ્યાને લેવા વિનંતી.

આ અગાઉ નીચે જણાવેલ સંસ્થા / કચેરીમાં રેન બસેરા ચલાવવાનો ઈજારો મે મેળવેલ જે અંગેના પ્રમાણપત્ર સામેલ છે.

| **અ.નં.** | **સંસ્થાનું નામ** | **સરનામું** |
|---|---|---|
| **૧–** | | |
| **૨–** | | |
| **૩–** | | |

**તા. / /૨૦૨૪** ____________________________

**સુરત.** **ઓફરરની સહી તથા સિકકો**

**નામ :–**

**સરનામું :–**

**ઓફર લેટર**

**પ્રતિ,**
**મ્યુની.કમિશનરશ્રી,**
**સુરત મહાનગરપાલિકા,**
**સુરત.**

**વિષયઃ–મ્યુની. સેન્ટ્રલ ઝોનમાં ખાતે મચ્છી માર્કેટ મચ્છી માર્કેટ,સલાબતપુરા, સુરત ખાતેઆવેલ રેનબસેરાનો ઈજારો મેળવવા બાબત.**

**મે. સાહેબ**

સવિનય ઉપરોકત વિષયઅન્વયે જણાવવાનું કે, સુરત મહાનગરપાલિકા ના સેન્ટ્રલ ઝોનવિસ્તારમાં મચ્છી માર્કેટ મચ્છી માર્કેટ,સલાબતપુરા, સુરત આવેલરેન બસેરા ની કામગીરી કરવા આ સાથે સામેલ ફોર્મમાં જણાવેલ શરતોને આધીન ચલાવવા હું સંમત છું.

વધુમાં, આ **રેન બસેરા** ચલાવવા માટે માસિક ભાડાની મારી મહત્તમ ઓફર રૂા. ________________

(અંકે રૂપિયા ________________________________________ પુરા )+ ૧૮% જી.એસ.ટી. ની છે. જે ધ્યાને લેવા વિનંતી.

આ અગાઉ નીચે જણાવેલ સંસ્થા / કચેરીમાં રેન બસેરા ચલાવવાનો ઈજારો મે મેળવેલ જે અંગેના પ્રમાણપત્ર સામેલ છે.

| **અ.નં.** | **સંસ્થાનું નામ** | **સરનામું** |
|---|---|---|
| **૧–** | | |
| **૨–** | | |
| **૩–** | | |

**તા. / /૨૦૨૪**

____________________________

**સુરત.** **ઓફરરની સહી તથા સિકકો**

**નામ :–**

**સરનામું :–**

**ઓફર લેટર**

**પ્રતિ,**
**મ્યુની.કમિશ્નરશ્રી,**
**સુરત મહાનગરપાલિકા,**
**સુરત.**

**વિષયઃ—મ્યુની. સેન્ટ્રલ ઝોનમાં આવેલસુરત ટોકીઝ પાસે આવેલરેનબસેરાનો ઈજારો મેળવવા બાબત.**

**મે. સાહેબ**

સવિનય ઉપરોકત વિષયઅન્વયે જણાવવાનું કે, સુરત મહાનગરપાલિકા ના સેન્ટ્રલ ઝોનવિસ્તારમાં આવેલસુરત ટોકીઝ પાસેરેન બસેરા ની કામગીરી કરવા આ સાથે સામેલ ફોર્મમાં જણાવેલ શરતોને આધીન ચલાવવા હું સંમત છું.

વધુમાં, આ **રેન બસેરા** ચલાવવા માટે માસિક ભાડાની મારી મહત્તમ ઓફર રૂા. ________________

(અંકે રૂપિયા ________________________________________ પુરા )+ ૧૮% જી.એસ.ટી. ની છે. જે ધ્યાને લેવા વિનંતી.

આ અગાઉ નીચે જણાવેલ સંસ્થા / કચેરીમાં રેન બસેરા ચલાવવાનો ઈજારો મે મેળવેલ જે અંગેના પ્રમાણપત્ર સામેલ છે.

| અ.નં. | સંસ્થાનું નામ | સરનામું |
|---|---|---|
| ૧— | | |
| ૨— | | |
| ૩— | | |

**તા. / /૨૦૨૪**

**સુરત.**

____________________________

**ઓફરરની સહી તથા સિકકો**

**નામ :—**

**સરનામું :—**